મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ માં આઈબીએમ બોટો માટે વુડન બોટ રીપ્લેસમેન્ટ યોજના માટેની નવી બાબત અંગેની યોજનાકીય શરતો અને બોલીઓ બાબત

ગુજરાત સરકાર

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: **ACD/BUM/e-file/2/2024/3745/T**

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2024/2131/Marine, તા. ૦૮/૧૦/૨૦૨૪

(૨) મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COF/NIF/e-file/301/2024/2131/Marine, તા. ૨૧/૦૩/૨૦૨૫

**પ્રસ્તાવના:-**

ગુજરાત રાજ્યમાં આશરે ૧૧૦૦૦ વુડન બોટો કાર્યરત છે. જ્યારે ફાઈબર બોટો વુડન બોટોની સરખામણીએ વધુ ટકાઉ હોય છે. ફાઈબર બોટમાં સડો અને કાટ લાગતો નથી એટલે ફાઈબર બોટો દરિયાના કઠોર વાતાવરણમાં વધુ ટકાઉ બને છે. ફાઇબર બોટને લાકડાની બોટ કરતાં ઓછી જાળવણીની જરૂર પડે છે, જેને બગાડ અટકાવવા માટે નિયમિત વાર્નિશિંગ અને સીલિંગની જરૂર પડે છે. ફાઇબર બોટમાં વધુ સારી બોયન્સી અને સ્થિરતા હોય છે, જે માછીમારો માટે વધુ સુરક્ષિત છે. આધુનિક ફાઈબર સામગ્રીઓ વધુ ઈકો ફ્રેન્ડલી હોય છે અને લાકડાની બોટ બાંધવા માટે વધુ વૃક્ષોની જરૂર પડે છે. આમ, ફાઈબર બોટને પ્રોત્સાહન આપવાથી પર્યાવરણ વધુ સુરક્ષિત રહેશે. ફાઈબર બોટને થતાં નુકસાનને ઘણીવાર રેઝિન અને પેચ વડે સરળતાથી રિપેર કરી શકાય છે જ્યારે લાકડાની બોટને વધુ વ્યાપક કામની જરૂર પડી શકે છે. ફાઈબર બોટ લાકડાની બોટો કરતા હળવા વજનની હોવાથી અને સપાટી એકદમ પોલિશ કરેલી હોવાથી બોટ હંકારવામાં કરવામાં ઓછી તાકાતની જરૂર પડે છે જેના કારણે માછીમારોને આશરે ૩૦% ઈંધણની બચત થશે અને માછીમારોને આર્થિક રીતે વધુ ફાયદો થશે. આથી, રાજ્યની અંદાજિત ૧૧૦૦૦ વુડન બોટોને ફાઈબર બોટોમાં રિપ્લેસ કરવાનું આયોજન રાજ્ય સરકારે કરેલ છે.

ઉપર વંચાણે લીધેલ અનુક્રમે ક્રમ-(૧) અને (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્રોથી “આઈબીએમ બોટો માટે વુડન બોટ રીપ્લેસમેન્ટ યોજના” ને દરિયાઈ સાધનો પૂરા પાડવા અને પૂર્વજરૂરી સવલતો પૂરી પાડવાની યોજનાનાં બજેટ સદર : ૦૬-૨૪૦૫-૦૦-૧૦૩-૦૧ હેઠળ વર્ષ:૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં નવી બાબતની સૈધ્ધાતિંક અને વહીવટી મંજૂરી મેળવવા માટે આ નવી બાબતની યોજનાકીય સૂચિત શરતો અને બોલીઓ સહ દરખાસ્ત કરવામાં આવેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## : ઠરાવ :

વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ પ્રભાગ હેઠળ રાજ્યમાં "આઈબીએમ બોટો માટે વુડન બોટ રીપ્લેસમેન્ટ યોજના" ની નવી બાબત માટે નીચે મુજબની શરતો ઠરાવવાનું નક્કી કરવામાં આવે છે.

<u>શરતો:</u>

| | |
|---|---|
| 1. | યોજનાનો લાભ લેવા માટે અરજદાર દ્વારા આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે. |
| 2 | લાભાર્થીની ફીશીંગ બોટ રીયલ ક્રાફ્ટ સોફ્ટવેર અંતર્ગત રજીસ્ટર્ડ હોવી જોઈએ. |
| 3 | લાભાર્થી ફીશીંગનું લાયસન્સ ધરાવતાં હોવા જોઈએ. |
| 4 | સદર પ્રોજેક્ટની યુનિટ કોસ્ટ રૂ. ૪૫.૦૦ લાખના ૫૦% એટલે કે રુ. ૨૨.૫૦ લાખ મહત્તમ સહાય અથવા ખરેખર થયેલ ખર્ચના ૫૦% બન્ને માંથી જે ઓછુ હોય તે સહાય મળવાપાત્ર થશે. |
| 5 | આ યોજનાનો લાભ લાભાર્થીને આજીવન એકવાર મેળશે. |
| 6 | સૈદ્ધાંતિક મંજૂરી અને નાણાંકીય સહાય મંજૂર કરવાની સત્તા મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની રહેશે. |
| 7 | ઓબીએમ બોટોને સહાય મળવાપાત્ર રહેશે નહીં. |
| 8 | જૂની વુડન બોટ ઓછામાં ઓછી ૧૦ વર્ષ જૂની હોવી જોઈએ અને યોજના અમલમાં આવ્યા પહેલા બોટ માલિકી ધરાવતાં હોય તેવા લાભાર્થીઓને જ લાભ મળવાપાત્ર થશે. |
| 9 | વુડન બોટ રીપ્લેસમેન્ટ ઉપર સહાય મેળવવા અંગેની મળેલ અરજી સંબંધિત જિલ્લા અધિકારી / વિભાગીય વડાએ જરુરી ચકાસણી કરી સૈધ્ધાંતિક મંજૂરી માટે વડી કચેરીને ઓનલાઇન મોકલવાની રહેશે. |
| 10 | નવી બોટનું બાંધકામ થયેથી સહાય મેળવતાં પહેલાં નીચે મુજબની કમિટી દ્વારા બોટની ખરાઈ કરવાની રહેશે.<br>૧. સંલગ્ન વિભાગના નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી - અધ્યક્ષ<br>૨. સંલગ્ન જીલ્લાના જીલ્લા અધિકારીશ્રી - સભ્ય<br>૩. સંલગ્ન વિભાગીય વડા નક્કી કરે તે અન્ય જિલ્લાના અધિકારીશ્રી - સભ્ય<br>૪. સંલગ્ન વિભાગના મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી(સી) - સભ્ય<br>૫. સંલગ્ન જીલ્લાના મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી(સી) - સભ્ય સચિવ |

| | |
|---|---|
| **11** | અરજદારે નિયમાનુસાર જૂની બોટનો નિકાલ જિલ્લા અધિકારીશ્રી/કર્મચારીશ્રીની હાજરીમાં કરવાનો રહેશે. તેનું રોજકામ, ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી Geo tagging સાથે કરવાનું રહેશે અને ત્યારબાદ રજીસ્ટ્રેશન રદ કરાવાનું રહેશે અને નવી બોટનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. |
| **12** | ભારત સરકારશ્રીની બ્લ્યુ રિવોલ્યુશન અને PMMSY યોજના હેઠળ “ડીપ-સી ફિશીંગ વેસલ્સની ખરીદી પર સહાય” યોજના તળે લાભ મેળવેલ લાભાર્થીને સદર યોજના તળે લાભ મળવવાપાત્ર રહેશે નહિ. |
| **13** | લાભાર્થીએ યોજના તળે કરેલ ખર્ચની સામે નિયમાનુસાર મળવાપાત્ર સહાયની ચૂકવણી લાભાર્થીના ખાતામાં DBT પધ્ધતિથી જમા કરવામાં આવશે. |
| **14** | લાભાર્થીએ બોટ રીપ્લેસ કરવા કરેલ ખર્ચ માટે લાગુ પડતા કરવેરા તથા GST નંબર ધરાવતા પાકાં બિલો જિલ્લા  કચેરીમાં નાણાકીય મંજૂરી(ક્લેઈમ સમયે) રજૂ કરવાના રહેશે. |
| **15** | અરજદાર દ્વારા બોટ રીપ્લેસમેન્ટ કર્યા બાદ ભૌતિક ચકાસણી જે તે જિલ્લા અધિકારીશ્રીએ જાતે કરવાની રહેશે. |
| **16** | સરકારશ્રી તરફથી કે ખાતાના વડા તરફથી વખતોવખત જે બોલીઓ અને શરતોમાં સુધારો કે વધારો કરવામાં આવે તો તે સંબંધિત લાભાર્થીને બંધનકર્તા રહેશે. |
| **17** | અરજદારે કામગીરી શરૂ કર્યા પહેલાં, કામગીરી દરમ્યાન અને કામગીરી પૂર્ણ કર્યા બાદની Geo Tagging સાથેની ફોટોગ્રાફી કરવાની રહેશે. |
| **18** | અરજદારે બોટ રીપ્લેસમેન્ટ કર્યા બાદ Transponder ફરજીયાત બોટમાં લગાવવાના રહેશે. |
| **19** | અરજદારે પૂર્વમંજૂરી સમયે જૂની બોટના Geo Tagging સાથેની ફોટોગ્રાફ રજૂ કરવાના રહેશે અને ક્લેઈમ સબમીશન સમયે રીપ્લેસ કરેલ બોટના Geo Tagging સાથેની ફોટોગ્રાફ રજૂ કરવાના રહેશે જે નિયત કરેલ કમીટીએ ચકાસણી કરવાના રહેશે. |
| **20** | આ યોજના તળે લાભાર્થીને માત્ર હલ અને કોલ્ડ રૂમ ઉપર જ સહાય મળવાપાત્ર થશે. એન્જીન તથા અન્ય એસેસરીઝમાં સહાય મળવાપાત્ર થશે નહીં. |
| **21** | અરજદાર દ્વારા સદર યોજના તળે સહાય મેળ્વ્યા બાદ ૭ વર્ષ સુધી બોટ કોઈ અન્ય લાભાર્થી/સંસ્થાને વેચાણે આપી શકશે નહી તેમજ ગીરો કે બક્ષીશ પેટે પણ આપી શકાશે નહી. |
| **22** | સદર યોજના તળે મેળવલ સહાયથી બનાવેલ બોટ પર મોટા અને સૂવાચ્ય અક્ષરે “મત્સ્યોધોગ ખાતાની સહાયથી વર્ષ..... ” તે પ્રકારની તકતી લગાવવાની રહેશે. |

| | |
|---|---|
| **23** | મંજૂર થયેલ સહાયનું ચૂકવણું નીચે મુજબની વિગતો માટે સહમતી દર્શાવેલ હોય તેવા સાત વર્ષ માટે અમલમાં રહે તેવા બોન્ડમાં રજૂ કર્યા બાદ કરવાનું રહેશે.<br><br>The beneficiary shall maintain the facility created /machinery installed always in good condition.<br><br>Any other condition that the Authority may prescribe from time to time to ensure that the objectives of the scheme are achieved.<br><br>In case of violation of any of the conditions of the Bond. Fisheries Department shall be entitled to recover the subsidy amount in full with 12 % interest from the beneficiary and on intimation from fisheries Department of such violation the beneficiary shall forthwith refund to the Fisheries Department the subsidy in full without prejudice to such other penal action as the Authority may deem fit to impose. |

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

માંગણી નં : ૦૦૬

સેકટર : ગ : આર્થિક સેવાઓ

સબસેકટર : ક : કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ

મુખ્યસદર : ૨૪૦૫-મત્સ્યોધોગ

ગૌણસદર : ૧૦૩-દરિયાઈ મત્સ્યોધોગ

પેટા સદર : ૦૧. એફએસએચ-૭. ૧૦૩ (૦૧) દરિયાઇ મત્સ્યોધોગ સાધનો પૂરા પાડવો અને પુર્વ જરૂરી સવલતો

ચાર્જેબલ હેડ : ૨૪૦૫ ૦૦ ૧૦૩ ૦૧

આ હુકમો આ વિભાગની સમાનાંકી ઈ- ફાઈલ પર અગ્રસચિવશ્રી (નાણાં ) અને સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(ક્રિનલ જાની)

સેક્શન અધિકારી

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ ,

(૧) માન, મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

( 3 ) સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ) ના રહસ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી (કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) ઉપ મહાલેખાકારશ્રી (ઇએસ-૧) એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ (ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૭) એકાઉન્ટટ જનરલશ્રીની કચેરી, રાજકોટ

(૮) બજેટ શાખા/આયોજન શાખા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર,

(૧૧) સેક્શન અધિકારીશ્રી (આઇ.ટી),કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.

(૧૨)સીલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by:Krinal V Jani
Section Officer
Date:2025.05.22
11:53:03 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign